દાખલ તારીખ :- ૧૦-૧૦-૨૦૨૪
નોંધણી તારીખ :-૧૦-૧૦-૨૦૨૪
ફેંસલ તારીખ :- ૦૯-૦૪-૨૦૨૬
સમયગાળો :- <u>**વર્ષ-માસ-દિવસ**</u>
**૦૧ - ૦૬ - ૨૯**

---

**પાટણ જીલ્લાના મહે.સ્પેશ્યલ જજ(પોકસો) સાહેબશ્રીની કોર્ટમાં, મુ.પાટણ.**

---

**સ્પે.પોકસો કેસ નં.૬૦/૨૦૨૪**
**આંક :- ૭૦**

**ફરીયાદી :-** **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી :-** **વાલસંગજી અભુજી મોહનજી ઠાકોર,**
ઉં.વ.આ.૨૪, ધંધો : મજુરી,
રહે.માનપુર, તા.જી.પાટણ.

---

**આરોપ :-** ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ, ૨૦૧૨ ની કલમ-૩(એ), ૪, ૫(એલ), ૬ મુજબ.

---

**એડવોકેટ :-** ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટ.
આરોપી તરફે વિ.વકીલશ્રી જી.કે.પંચાલ.

---

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા.૦૮/૦૬/૨૦૨૪ |
| એફ.આઇ.આર.ની તારીખ | તા.૧૬/૦૬/૨૦૨૪ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | તા.૧૦/૧૦/૨૦૨૪ |
| તહોમતનામું ફરમાવ્યા તારીખ | તા.૦૬/૦૩/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયા તારીખ | તા.૦૩/૦૪/૨૦૨૫ |
| કેસ જજમેન્ટ ઉપર મુકયા તારીખ | તા.૦૯/૦૪/૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ | તા.૦૯/૦૪/૨૦૨૬ |

| અ.નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કો. કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | વાલસંગજી અભુજી મોહનજી ઠાકોર | ૦૨/૦૯/૨૪ | ૨૭/૦૩/૨૫ | ઈ.પી.કો.કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પોકસો એકટની કલમ-૩(એ), ૪, ૫(એલ), ૬ | છુટી ગયો | -- | ૦૬ માસ, ૨૫ દિવસ |

**-:: ઠ રા વ ::-**

**(૧)** આ કામના આરોપી સામે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ, ૨૦૧૨ ની કલમ-૩(એ), ૪, ૫(એલ), ૬ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

**(૨)** નામદાર સુપ્રિમ કોર્ટે **નિપુન સકશેના વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા, ૨૦૧૯(૧) એસીઆર પેજ નં.૬૬૩** ના ચુકાદામાં આપેલ ડાયરેકશન મુજબ તથા પોકસો એકટની કલમ-૩૩(૭) મુજબ ભોગ બનનારની ઓળખ જાહેર ન થાય તે માટે આ જજમેન્ટમાં તેણીના નામનો કોઇ જગ્યાએ ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

**(૩)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામે ફરીયાદ ભોગ બનનારના પિતાએ આપેલી છે. તેમની ભોગ બનનાર દિકરીની બનાવ વખતે ઉંમર ૧૭ વર્ષ અને ૧૬ માસની હતી અને તેણીની જન્મ તા.૧૦/૦૭/૨૦૦૬ ની છે. ગઇ તા.૦૮/૦૬/૨૦૨૪ ના રોજ ફરીયાદીના ભાણેજનું વાંસા, તા.હારીજ મુકામે બોલામણ રાખેલ હોઇ, ફરીયાદી તથા તેમના પત્ની ત્યાં જવા સવારના નવેક વાગે નીકળેલા અને તેમની ભોગ બનનાર દિકરી તેમની ઘરે એકલી હતી અને તેઓ બોલામણું પતાવી સાંજના આશરે છ વાગે તેઓના ઘરે પરત આવેલા અને તેઓએ જોયેલ તો તેઓના ઘરની ઓરડી બંધ હોય અને ભોગ બનનાર હાજર ન હોય, જેથી તેઓએ ભોગ બનનારની આજુબાજુમાં તેમજ ગામમાં તથા સગા સબંધીઓમાં શોધખોળ કરેલી. પરંતુ તેણીની કોઇ ભાળ મળેલી નહીં. બાદ તેઓને વાતોવાતથી

જાણવા મળેલ કે, તેઓની ભોગ બનનાર દિકરી ગુમ થયેલ તે દિવસથી તેઓના ગામનો વાલસંગજી અભુજી ઠાકોર પણ ગામમાં જોવા મળેલ નહીં. જેથી તેમની ભોગ બનનાર દિકરીને આ ઠાકોર વાલસંગજી ભગાડી લઇ ગયેલ હોવાનો ફરીયાદીને શક હોઇ, જેથી ફરીયાદીએ આ સબબની પાટણ તાલુકા પોલીસ સ્ટેશનમાં લેખીત ફરીયાદ નોંધાવેલી. સદર ફરીયાદ રજીસ્ટર થતા પાટણ તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૧૭૦૨૬૨૪૦૩૧૭/૨૦૨૪ થી નોંધી અને આ અંગેની તપાસ કરનાર અમલદારે તપાસ કરેલી. તપાસ કરનાર અધિકારીએ તપાસ દરમ્યાન ભોગ બનનાર તથા અન્ય સાહેદોના નિવેદનો લઇ, જરૂરી પંચનામા કરીને, ભોગ બનનાર તેમજ આરોપીની મેડીકલ તપાસ કરાવીને પૂરાવા એકઠા કરેલા. મુદ્દામાલ કપડા અને નમુનાઓ એકત્ર કરી એફ.એસ.એલ. ખાતે મોકલી આપેલા. સંપૂર્ણ તપાસના અંતે ભોગ બનનાર સગીર વયની જણાઇ આવતા, આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પોકસો એકટની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૬ હેઠળનું ચાર્જશીટ અત્રેની સ્પેશ્યલ કોર્ટ, પાટણમાં રજુ કરેલુ.

(૪) આરોપીને અદાલત સમક્ષ હાજર કરાવી તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપી વિરૂધ્ધ આંક–૦૮ થી ભારતીય દંડ સંહીતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પોકસો એકટની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૬ મુજબના ગુનાઓનું તહોમતનામું ફરમાવવામાં આવેલ અને આંક–૦૯ થી આરોપીનું નિવેદન લેતા, આરોપીએ તેમની સામેના ગુનાનો ઇનકાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરતા, આરોપી સામેનો કેસ સાબિત કરવા ફરીયાદ પક્ષનો કેસ પુરાવા રજુ કરવા મુકરર કરવામાં આવેલ.

(૫) ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક પુરાવાઓ રજુ કરેલા છે.

| **સાહેદ નંબર** | **સાહેદનું નામ** | **પુરાવાનો પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| ૧. | અરવિંદભાઇ કરમશીભાઇ દેસાઇ | તલાટી કમ મંત્રી | ૧૬ |

| | | | |
|---|---|---|---|
| ૨. | ડો.આકાશભાઇ કમલેશકુમાર રાઠોડ | ભોગ બનનાર તથા આરોપીની તપાસ કરનાર ધારપુર હોસ્પિટલના મેડીકલ ઓફિસર | ૨૦ |
| ૩. | ડો.હર્ષદ મગનલાલ સુતરીયા | આરોપીની તપાસ કરનાર સીવીલ હોસ્પિટલ, અમદાવાદના મેડીકલ ઓફિસર | ૩૨ |
| ૪. | સંજયભાઇ ડાહ્યાભાઇ પ્રજાપતિ | ભોગ બનનાર તથા આરોપીના કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ | ૩૭ |
| ૫. | કિશોરસિંહ રમેશજી ઠાકોર | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૪૫ |
| ૬. | માનસંગજી ભવાનજી ઠાકોર | મોટર સાયકલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ | ૪૭ |
| ૭. | જયમિનસિંહ દલપતસિંહ ઝાલા | મોટર સાયકલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ | ૪૯ |
| ૮. | ભોગ બનનારના પિતા | ફરીયાદી | ૫૦ |
| ૯. | ભોગ બનનારના માતા | ભોગ બનનારના માતા | ૫૨ |
| ૧૦. | ભોગ બનનાર | ભોગ બનનાર | ૫૩ |
| ૧૧. | દિલીપભાઇ ભલાભાઇ ચાવોડ | તપાસ કરનાર અધિકારી | ૫૬ |

(૬) ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

| **અનુક્રમ નંબર** | **દસ્તાવેજી પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | માનપુર ગ્રામ પંચાયતના જન્મ નોંધણી રજીસ્ટરના સંબંધિત પાનાની ઝેરોક્ષ ખરી નકલ | ૧૭ |
| ૨. | ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર | ૧૮ |
| ૩. | ભોગ બનનારની શારીરિક તપાસ અંગે ધારપુર હોસ્પિટલને ત.ક.અમલદારે કરેલ યાદી | ૨૧ |
| ૪. | ભોગ બનનારના સેમ્પલ એફ.એસ.એલ.માં મોકલવા અંગેનો ધારપુર હોસ્પિટલનો ફોરવર્ડીંગ લેટર | ૨૨ |
| ૫. | ભોગ બનનારની તપાસ અંગેના રેડીયોલોજી વિભાગ ધારપુર હોસ્પિટલના કેસ પેપર્સ | ૨૩ |
| ૬. | ભોગ બનનારની શારીરિક તપાસ અંગેના ધારપુર હોસ્પિટલના મેડીકોલીગલ સર્ટીફિકેટસ | ૨૪, ૨૫ |
| ૭. | ભોગ બનનારની મેડીકલ તપાસણીની ધારપુર હોસ્પિટલની પ્રોગ્રેસ નોટ | ૨૬ |
| ૮. | ભોગ બનનારની શારીરિક તપાસ અંગેના ધારપુર હોસ્પિટલના કેસ પેપર્સ | ૨૭ |

| | | |
|---|---|---|
| ૯. | આરોપીની શારીરિક તપાસ અંગે ધારપુર હોસ્પિટલને ત.ક.અમલદારે કરેલ યાદી | ૨૮ |
| ૧૦. | આરોપીના સેમ્પલ એફ.એસ.એલ.માં મોકલવા અંગેનો ધારપુર હોસ્પિટલનો ફોરવર્ડીંગ લેટર | ૨૯ |
| ૧૧. | આરોપીની શારીરિક તપાસ અંગેનું ધારપુર હોસ્પિટલનું મેડીકલ સર્ટીફિકેટ | ૩૦ |
| ૧૨. | આરોપીની શારીરિક તપાસ અંગેના ધારપુર હોસ્પિટલના કેસ પેપર્સ | ૩૧ |
| ૧૩. | આરોપીની ધારપુર હોસ્પિટલની રીફર ચીટ | ૩૩ |
| ૧૪. | આરોપીની શારીરિક તપાસ અંગેના અમદાવાદ સીવીલ હોસ્પિટલના કેસ પેપર્સ | ૩૪ |
| ૧૫. | આરોપીની શારીરિક તપાસ અંગેનું અમદાવાદ સીવીલ હોસ્પિટલનું સર્ટીફિકેટ | ૩૫ |
| ૧૬. | સીવીલ હોસ્પિટલ, અમદાવાદનું આરોપીનું પેનાઇલ ડોપ્લર સંમતિપત્ર | ૩૬ |
| ૧૭. | ભોગ બનનારની શરીર સ્થિતી તથા તેના બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું | ૩૮ |
| ૧૮. | મુદ્દામાલ આર્ટિકલ નં.૧ થી ૩ ના કપડા સાથેની પંચ સ્લીપો | ૩૯ થી ૪૧ |
| ૧૯. | આરોપીની શરીર સ્થિતી તથા તેના બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું | ૪૨ |
| ૨૦. | મુદ્દામાલ આર્ટિકલ નં.૪ અને ૫ ના કપડા સાથેની પંચ સ્લીપો | ૪૩, ૪૪ |
| ૨૧. | આરોપીએ ભોગ બનનાર સાથે દુષ્કર્મ આચરેલ તે ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૪૬ |
| ૨૨. | મુદ્દામાલ મોટર સાયકલ કબજે કર્યાનું પંચનામું | ૪૭ |
| ૨૩. | ફરીયાદ | ૫૧ |
| ૨૪. | ભોગ બનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ તળેનું નિવેદન | ૫૪ |
| ૨૫. | ડી.એફ.એસ.ગાંધીનગર મોબાઇલ ઇન્વેસ્ટીગેશન વાનનો સ્થળ પરિક્ષણ અહેવાલ | ૫૭ |
| ૨૬. | ભોગ બનનારનું બી.એન.એસ.એસ.કલમ–૧૮૩ નું નિવેદન નોંધવા અંગે વિ.મેજીસ્ટ્રેટ કોર્ટ, પાટણને ત.ક.અમલદારે કરેલ રીપોર્ટ | ૫૮ |
| ૨૭. | કલમ વધારા અંગે વિ.મેજીસ્ટ્રેટ કોર્ટ, પાટણને ત.ક.અમલદારે કરેલ રીપોર્ટ | ૫૯ |

| | | |
|---|---|---|
| ૨૮. | મુદ્ધામાલ રવાનગી પત્રક | ૬૦ |
| ૨૯. | મુદ્ધામાલ મળ્યાની એફ.એસ.એલ.અમદાવાદની પહોંચ | ૬૧ |
| ૩૦. | ડેપ્યુટ હુકમ | ૬૨ |
| ૩૧. | સરકારી પંચો ફાળવવા અંગે ખોરાક અને ઔષધ નિયમનતંત્ર, પાટણને ત.ક.અમલદારે કરેલ યાદી | ૬૩ |
| ૩૨. | સરકારી પંચો ફાળવવા અંગે યુ.જી.વી.સી.એલ. કચેરી, જંગરાલને ત.ક.અમલદારે કરેલ યાદી | ૬૪ |
| ૩૩. | આરોપીની મેડીકલ તપાસણીની ધારપુર હોસ્પિટલની પ્રોગ્રેસ નોટ | ૬૫ |
| ૩૪. | આરોપીના સીમેન સેમ્પલ લેવા અંગે સીવીલ હોસ્પિટલ ખાતે મોકલી આપવા માટેનું ધારપુર હોસ્પિટલનું ટ્રાન્સફર ફોર્મ | ૬૬ |
| ૩૫. | એફ.એસ.એલ.અમદાવાદનો ફોરવર્ડીંગ લેટર | ૬૭ |
| ૩૬. | એફ.એસ.એલ.અમદાવાદનો બાયોલોજીકલ તથા સીરોલોજીકલ પૃથ્થકરણ અહેવાલ | ૬૮ |

(૭) ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીએ આંક–૬૯ થી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયાની પુરસીસ તા.૧૧/૦૩/૨૦૨૬ ના રોજ આપેલ છે.

(૮) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતા ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળ આરોપીનો વિશેષ ખુલાસો લેવામાં આવેલ. જેમાં આરોપી સામે જે આક્ષેપો કરવામાં આવેલા, તે તમામ આક્ષેપોનો આરોપીએ ઈનકાર કરેલ. બચાવ પક્ષે આરોપીએ કોઈ સાહેદ તપાસેલ નથી કે સોગંદ ઉપર પુરાવો કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. વિશેષમાં આરોપીએ જણાવેલ કે, તેઓની ઉપર ખોટો કેસ કરેલ છે.

(૯) ત્યારબાદ બન્ને પક્ષના વિદ્ધાન ધારાશાસ્ત્રીઓની લંબાણ પૂર્વકની દલીલો સાંભળવામાં આવી. ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટે દલીલ કરતા મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, ભોગ બનનાર બનાવના દિવસે સગીર વયના હોવાનું આરોપી જાણતા હોવા છતા ભોગ બનનારને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી, ફોસલાવી બદકામ કરવાના બદઈરાદે તેના વાલીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી

લઈ ગયેલ તેમજ ભોગ બનનાર સાથે શરીર સંબંધ બાંધી બળાત્કાર જેવો ગુનો આચરી ગુનો કરેલ હોવાની ફરીયાદ આધારે પોલીસે તપાસ કર્યા બાદ તપાસના અંતે ચાર્જશીટ રજુ કરેલ છે. આ કામે ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલા સાહેદોએ બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હોવાનું જણાવેલ છે તથા તલાટી કમ મંત્રીશ્રીએ રજુ કરેલ પુરાવા આધારે બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હોવાનું પુરવાર થાય છે તેમજ આ કામે ભોગ બનનારની જુબાની જોતા, આરોપીએ તેણીને લલચાવી, ફોસલાવી ભગાડી જઈ અને તેણીની સાથે શરીર સંબંધ બાંધેલ હોવાનું જણાવેલ છે તેમજ બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ ના નિવેદનમાં તેમજ ભોગ બનનારના માતા-પિતા તથા અન્ય સાહેદોની જુબાની તેમજ મેડીકલ ઓફિસરશ્રીની જુબાની તથા પોલીસ સાહેદોની જુબાનીમાં પણ આ કામના આરોપીએ ગુનો આચરેલ હોવાનું જણાઈ આવતુ હોઈ તેમજ પંચનામાના પંચ સાહેદોએ પણ ફરીયાદ પક્ષની હકીકતને મહદઅંશે સમર્થન આપેલ હોઈ, તે સંજોગોમાં ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ છે. જેથી આ કામના આરોપીને તકસીરવાન ઠરાવી કાયદામાં મુકરર કરેલ મહત્તમ સજા કરવા વિનંતી કરેલ છે.

**(૧૦)** બચાવપક્ષે આરોપી તરફે વિ.વકીલશ્રી જી.કે.પંચાલે મૌખિક દલીલ કરતા મુખ્યત્વે એવી રજુઆત છે કે, આ કામે ફરીયાદ પક્ષે ભોગ બનનારની ઉંમર અંગે તલાટી કમ મંત્રીશ્રીને તપાસેલ છે. તેઓની જુબાનીમાં આંક-૧૭ થી રજુ કરેલ રજીસ્ટરમાં બાળકનું નામ નોંધેલ છે ત્યાં કોઈ ટુંકી સહી કરવામાં આવેલ નથી કે તારીખ લખવામાં આવેલ નથી. બાળકનો જન્મ થયાના બીજા દિવસની જન્મની નોંધણીની તારીખ છે અને તેમ છતા તેમાં બાળકનું નામ લખવામાં આવેલ છે. સામાન્ય સંજોગોમાં બાળકનું નામ જન્મના છ દિવસ બાદ પાડવામાં આવતુ હોય છે. વધુમાં, ભોગ બનનારના માતા-પિતાની જુબાની જોવામાં આવે તો, ભોગ બનનારની જન્મની નોંધણી તેણીના જન્મના એકાદ માસ બાદ કરાવેલ હોવાનું અને ભોગ બનનારનો જન્મ ઘરે થયેલ હોવાનું જણાવેલ છે તેમજ ભોગ બનનારના માતાએ પોતાના ત્રણેય સંતાનોની જન્મ તારીખ અટકલે લખાવેલ હોવાનું ઉલટતપાસમાં

સ્વીકારેલ છે તેમજ ભોગ બનનારની જન્મની નોંધણીની માહિતી આપનાર તરીકે જે વ્યકિતનું નામ છે તેને ભોગ બનનારના માતા કે પિતા કોઈ જ ઓળખતુ નથી તેવુ ઉલટતપાસ ઉપરથી સ્પષ્ટ થાય છે. તેથી ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના હોવાનું નિ:શંકપણે પુરવાર થતુ નથી. વધુમાં, ભોગ બનનારનો પુરાવો વિરોધાભાસી છે. જે હકીકતો તેણીએ બી.એન. એસ.એસ.ની કલમ–૧૮૩ ના નિવેદનમાં તથા પોલીસ રૂબરૂના નિવેદનમાં તથા મેડીકલ ઓફિસર સમક્ષની હિસ્ટ્રીમાં લખાવેલ છે તેનાથી વિપરીત હકીકતો તેણીએ જુબાનીમાં જણાવેલ છે તેવુ સ્પષ્ટપણે પુરવાર થાય છે. તેથી ભોગ બનનારનો પુરાવો શંકા રહિત હોવાનું જણાતુ નથી. વધુમાં, ફરીયાદ પક્ષે તપાસેલ ભોગ બનનારના માતા–પિતા અને અન્ય સાહેદોનો પુરાવો જોતા, તેઓએ બનાવ નજરે જોયેલ નથી. વધુમાં, આ કામે તપાસેલા પંચ સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી. તે સંજોગોમાં ભોગ બનનારની જુબાનીના આધારે આરોપી સામેનો કેસ પુરવાર થયેલો માની શકાય નહીં. આમ, આરોપી વિરૂધ્ધના તહોમતનામામાં જણાવ્યા મુજબનો ગુનો ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરી શકેલ ન હોઈ, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

**(૧૧)** આ કેસના નિર્ણય માટે નીચે મુજબના **મુદ્દાઓ** ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ તા.૦૮/૦૬/૨૦૨૪ ના રોજ ભોગ બનનાર ૧૮ વર્ષ કરતા ઓછી આયુની એટલે કે, સગીર વયની હતી ?

(૨) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરીયાદીની સગીર વયની ભોગ બનનાર દિકરીને તેણીની સાથે લગ્ન કરવાના ઈરાદે અથવા તેણીને લગ્ન કરવાની ફરજ પાડવાના આશયથી તેણીને લલચાવી, ફોસલાવી અગર તો તેણીના અધિકારનો દુરપયોગ કરી બળજબરીપુર્વક

તેણીના વાલીપણામાંથી અપહરણ, અપનયન કરી લઈ જઈ, આરોપીએ ઈ.પી.કોડની કલમ–૩૬૩, ૩૬૬ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૩) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાનો ગુનાહિત ઈરાદો બર લાવવા સારૂં સગીર વયની ભોગ બનનારનું અપહરણ, અપનયન કરી લઈ જઈ, તેણીની સાથે અવાર નવાર બળાત્કાર કરી, તેનું અવાર નવાર જાતીય શોષણ કરી, જાતીય ગુનો આચરી, આરોપીએ ઈ.પી. કોડની કલમ–૩૭૬(૨)(એન) તથા પોક્સો એકટની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૬ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

(૪) શું હુકમ ?

**(૧૨)** આ કામે રજુ થયેલ પુરાવાઓ તથા કરવામાં આવેલ દલીલોનું કાળજીપૂર્વકનું મુલ્યાંકન કરતા, ઉપરોક્ત મુદ્દાઓના **નિર્ણય** નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૧) **નકારમાં.**
(૨) **નકારમાં.**
(૩) **નકારમાં.**
(૪) **અંતિમ હુકમ મુજબ.**

**–::: કા ર ણો :::–**

**મુદ્દા નંબર – ૧ ::–**

**(૧૩)** આ કામે પક્ષકારોની રજુઆત તથા રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા, ફરીયાદ પક્ષ તરફે ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના હોવાનું પુરવાર કરવા માટે સાહેદ નંબર–૧ માનપુર ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી

અરવિંદભાઇ કરમશીભાઇ દેસાઇની આંક–૧૬ ની જુબાની ધ્યાને લેતા, તેમની ગ્રામ પંચાયતના સને–૨૦૦૬ ના અસલ રજીસ્ટરના અનુક્રમ નંબર–૮ થી ભોગ બનનારના જન્મની નોંધ હોવાનું તેમજ ભોગ બનનારની જન્મ તા.૧૦/૦૭/૨૦૦૬ ની તથા નોંધણી તા.૧૧/૦૭/૨૦૦૬ ની હોવાનું તથા જન્મ સ્થળ માનપુર ગામ અને માહિતી આપનાર તરીકે ઠાકોર ચેનાજી સોટાજી હોવાનું જણાવી આંક–૧૭ અને આંક–૧૮ ના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. બચાવપક્ષની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૭ ના અનુક્રમ નં.૭ થી ૧૦ ના કોલમ નં.૧૨ માં ઠાકોર વસ્તાજી મફાજીની સહી છે. તેઓએ સ્વીકારેલ છે કે, ઠાકોર વસ્તાજી મફાજી એ જન્મનાર બાળકના શુ સગા થાય તે તેમને ખબર નથી. તેઓએ સ્વીકારેલ છે કે, બાળકનું નામ કયા આધારે લખાવેલ તે તેઓ રેકર્ડ જોઇને કહી શકે નહીં. તેઓએ ઈન્કાર કરેલ છે કે, સામાન્ય રીતે બાળકનુ નામ તેના જન્મના એક મહિના બાદ લખાવવા આવતા હોય છે. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કેપ એક મહિના સુધી તેઓની પાસે આવતા હોય છે અને ત્યારબાદ મામલતદારશ્રી સમક્ષ જવુ પડે છે. તેઓએ સ્વીકારેલ છે કે, સામાન્ય રીતે બાળકના જન્મના એકાદ માસમાં તેનુ નામ લખાવવા તેમના વાલીઓ આવે છે. તેઓએ સ્વીકારેલ છે કે, બાળકનું નામ રજી.માં નોંધ્યા બદલ રજી.માં તારીખ લખવામાં આવે છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ પાસે જે વાલી આવે અને બાળકનો જન્મ થયેલાની હકીકત જણાવે તો તે અંગેની નોંધ રજી.માં કરે છે. તેઓએ સ્વીકારેલ છે કે, બાળકનો જન્મ તા.૧૦/૦૭/૨૦૦૬ અને તેની નોંધણી તા.૧૧/૦૭/૨૦૦૬ છે અને બાળકના નામમાં નામ દર્શાવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારની નોંધ થઇ તે સમયે તેઓ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા ન હતા. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારની નોંધ તેમની ગ્રામ પંચાયતમાં કોણ કરાવવા આવેલ તે તેઓ કહી શકે નહી. તેઓએ સ્વીકારેલ છે કે, રજી.ના કોલમ નં.૧૪ માં પ્રમાણપત્ર મેળવ્યા બદલ વાલીના અંગુઠાનુ નિશાન છે અને તેમાં તારીખ નાંખેલ નથી. વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ નંબર–૮ ભોગ બનનારના પિતાની આંક–૫૦ ની જુબાની ધ્યાને લેતા, તેમને સંતાનમાં બે દિકરીઓ અને એક દિકરો છે. જેમા સૌથી મોટી દિકરીના લગ્ન થઇ ગયેલ છે.

સૌથી નાની ભોગ બનનાર દિકરી છે. જેની જન્મ તારીખ યાદ નથી. બનાવ બન્યો ત્યારે ભોગ બનનાર દિકરી સત્તર વર્ષ ઉપરની હતી. ભોગ બનનાર ધોરણ–૭ સુધી ભણેલ છે. ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, તેમની મોટી દિકરી અને દિકરા વચ્ચે ત્રણથી ચાર વર્ષનું અંતર છે. તેમની મોટી દિકરીનો જન્મ તેમના લગ્નના ત્રણ–ચાર વર્ષ પછી થયેલો. તેઓએ સ્વીકારેલ છે કે, મોટી દિકરીના જન્મના આશરે એકાદ બે માસ બાદ તેના જન્મની નોંધણી કરાવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર દિકરીના જન્મની નોંધણી તેના જન્મના એકાદ બે માસ બાદ કરાવેલ છે. વધુમાં, સાહેદ નંબર–૯ ભોગ બનનારની માતાની આંક–પર ની જુબાની જોતા, તેઓએ પણ તેઓને સંતાનમાં બે દિકરીઓ અને એક દિકરો હોવાનું અને સૌથી મોટી દિકરીના લગ્ન થઇ ગયેલ હોવાનું અને સૌથી નાની ભોગ બનનાર દિકરીની જન્મ તારીખ યાદ ન હોવાનું જણાવેલ છે તેમજ બનાવ બન્યો ત્યારે ભોગ બનનાર દિકરી સત્તર વર્ષની હતી અને તેણી ધોરણ–૭ સુધી ભણેલ હોવાનું જણાવેલ છે તેમજ ભોગ બનનાર દિકરીનો જન્મ ઘરે થયેલો હોવાનું પોતાની સરતપાસમાં જણાવેલ છે. બચાવપક્ષની ઉલટતપાસમાં તેણીએ ઇન્કાર કરેલ છે કે, લગ્નના ચાર વર્ષ બાદ મોટી દિકરીનો જન્મ થયેલો. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, ત્રણ વર્ષ બાદ જન્મ થયેલો તેમજ તેણી ૧૯ વર્ષની હતી ત્યારે લગ્ન થયેલ હોવાનું સ્વેચ્છાએ જણાવેલ છે. વધુમાં, તેણીએ સ્વીકારેલ છે કે, તેણીના બે સંતાનો વચ્ચે બે વર્ષનો ગાળો છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેમના ત્રણેય બાળકોના જન્મ થયા બાદ બે દિવસમાં તેમના નામ પાડેલ નથી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, સાત દિવસ પછી નામ પાડવામાં આવેલા. તેણીએ સ્વીકારેલ છે કે, તેમના ત્રણેય સંતાનોના જન્મની તારીખ અટકળે પંચાયતમાં લખાવેલી. તેણીએ સ્વીકારેલ છે કે, બાળકોના જન્મના મહિના દોઢ મહિના બાદ જન્મની નોંધણી કરાવવા માટે જઇએ છીએ. વધુમાં, સાહેદ નંબર–૧૦ ભોગ બનનારની આંક–પ૩ ની જુબાની ધ્યાને લેતા, તેણીની જન્મ તારીખ તેણીને ખબર નથી તેવુ જણાવેલ છે. ઉલટતપાસ જોતા પણ તેણીએ સ્વીકારેલ છે કે, તેણીની જન્મ તારીખ યાદ નથી તેમજ પોલીસ રૂબરૂ નિવેદન લખાવેલ ત્યારે તથા જજ સાહેબ રૂબરૂ નિવેદન લખાવેલ ત્યારે જન્મ તારીખ યાદ નહતી. વધુમાં, તેણીએ જણાવેલ

છે કે, આજથી ત્રણ વર્ષ પહેલા તેણીએ ભણવાનું બંધ કરેલ. તેણીનો ભાઇ ધોરણ–૯ સુધી ભણેલ છે. તેણીએ સ્વીકારેલ છે કે, પોલીસે તેણીનું નિવેદન લીધેલ ત્યારે તેણીની જન્મ તારીખ યાદ ન હોઇ અટકળે લખાવેલી. વધુમાં, સાહેદ નંબર–૧૧ પી.આઇ. દિલીપભાઇ ભલાભાઇ ચાવોડની આંક–૫૬ ની જુબાની ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, તપાસના કામે માનપુર ગ્રામ પંચાયતમાં જન્મના દાખલાની ખરાઇ કરવા માટે તેમણે તજવીજ કરેલી. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૭ ના જન્મના રજી.માં અનુક્રમ નં.૮ માં બાળકના જન્મની નોંધણી કરાવનારનુ નામ વસ્તાજી મફાજી ઠાકોર લખેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, આંક–૧૭ ના જન્મના રજી.માં અનુક્રમ નં.૭, ૮, ૯ માં બાળકના જન્મની નોંધણી કરાવનારનુ નામ વસ્તાજી મફાજી ઠાકોર લખેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેમની તપાસના કામે તેમણે વસ્તાજી મફાજી ઠાકોરનુ નિવેદન લીધેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેમની તપાસમાં ભોગ બનનારે ધો.૭ સુધીનો અભ્યાસ કરેલ હતો તેવુ ખુલેલ. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારે કઇ શાળામાં અભ્યાસ કરેલ તે અંગે તેમણે કોઇ તપાસ કરેલ નથી અને એલ.સી. પણ મેળવેલ નથી.

(૧૪) આમ, ઉપરોકત પુરાવો જોતા, સાહેદ નંબર–૧ માનપુર ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીની આંક–૧૬ ની જુબાની મુજબ, આ કામના ભોગ બનનારની જન્મ તા.૧૦/૦૭/૨૦૦૬ ની હોવાનું અને જન્મ સ્થળ માનપુર હોવાનું જણાવેલ છે તેમજ માહિતી આપનાર તરીકે ઠાકોર ચેનાજી સોટાજીનું નામ જણાવેલ છે. જો કે, બચાવપક્ષની ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, કોલમ નંબર–૧૨ માં વસ્તાજી મફાજીની સહી છે અને આ વસ્તાજી મફાજી બાળકના શું સગા થાય તેની તેમને ખબર નથી તેવુ સ્વીકારેલ છે તેમજ તપાસ કરનાર અધિકારીએ પણ પોતાની જુબાનીમાં વસ્તાજી મફાજી બાળકનાં શું સગા થાય તે બાબતે તેઓએ તેમનું નિવેદન લીધેલ નથી. વધુમાં, બાળકનું નામ રજીસ્ટરમાં લખ્યા બદલ ત્યાં ટુંકી સહી કરવામાં આવેલ નથી કે તારીખ લખવામાં આવેલ નથી તેવુ આંક–૧૭ ના રજીસ્ટરના ઉતારાની નકલ ધ્યાને લેતા જણાય છે અને સાહેદે ઉલટતપાસમાં પણ તે હકીકત સ્વીકારેલ છે. વધુમાં, સદર સાહેદનો પુરાવો જોતા, બાળકની

જન્મ તા.૧૦/૦૭/૨૦૦૬ અને નોંધણી તા.૧૧/૦૭/૨૦૦૬ ની હોવાનું અને બાળકનું નામ દર્શાવેલ હોવાનું સ્વીકારેલ છે. વધુમાં, ભોગ બનનારના માતા–પિતાની જુબાની ધ્યાને લેતા, તેઓએ સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેમની ભોગ બનનાર દિકરીના જન્મની નોંધણી જન્મના એકાદ માસ બાદ કરાવેલી અને તેઓ વસ્તાજી મફાજી ઠાકોરને ઓળખતા નથી તેવુ પણ જણાવેલ છે. વધુમાં, ભોગ બનનારના માતાની જુબાની જોતા, ભોગ બનનારનો જન્મ ઘરે થયેલો છે. વધુમાં, તેઓએ પોતાની ઉલટતપાસમાં સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, તેમના ત્રણેય સંતાનોના જન્મની તારીખ અટકળે પંચાયતમાં લખાવેલી તેમજ સ્વીકારેલ છે કે, તેમના બાળકોના જન્મ થયા બાદ બે દિવસમા તેમના નામ પાડેલ નથી, સાત દિવસમાં નામ પાડવામાં આવેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લેતા, ફરીયાદ પક્ષે રજુ કરેલો ભોગ બનનારના જન્મનો પુરાવો વ્યાજબી શંકા રહિત ન હોવાનું જણાઈ આવે છે અને શંકાનો લાભ હંમેશા આરોપીને મળે. જેથી બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હોવાનું વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ રહેલ હોઈ, જેથી **મુદ્દા નંબર–૧** નો ઉત્તર **નકાર**માં આપવામાં આવે છે.

**મુદ્દા નંબર – ૨ અને ૩ :–**

**(૧૫)** ઉપરોક્ત મુદ્દા નંબર–૨ અને ૩ એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા હોઈ, પુનરાવર્તન ટાળવાના હેતુસહ આ મુદ્દાઓની એકસાથે ચર્ચા કરવામાં આવે છે.

**(૧૬)** ફરીયાદ પક્ષ તરફે તપાસેલ સાહેદ નંબર–૧૦ ભોગ બનનારની આંક–૫૩ ની જુબાની ધ્યાને લેતા, બનાવ આજથી એકાદ વર્ષ પહેલા બનેલો. તેણીએ આરોપીને ઓળખતા હોવાનું જણાવી આરોપીને કોર્ટ રૂબરૂ નામજોગ ઓળખી બતાવેલ છે. બનાવના બે ત્રણ વર્ષ પહેલા તેણીને આરોપી સાથે ઓળખાણ થયેલી. આ આરોપીએ તેણીને ધમકી આપીને તેણીનો મોબાઈલ નંબર માંગેલો. તેણીએ આરોપી સાથે મોબાઈલ પર એક જ વખત વાતચિત કરેલી. બનાવના દિવસે સવારે તેણીના માતાપિતા ગામે

બોલામણા માટે ગયેલા હતા. તે વખતે તેણી એકલી ઘરે હતી. તે વખતે આરોપી આવેલો અને તેણીને ધમકી આપીને એની સાથે બાઇક પર લઇ ગયેલો. તેણીને વીડીયો વાયરલ કરવાની ધમકી આપેલી. તે વખતે સવારના આશરે દસ અગિયાર વાગ્યા હતા. આરોપી તેણીને બાઇક પર ભચાઉ લઇ ગયેલો. ભચાઉમાં અંધારુ થઇ જતા એક મંદિરમાં રાત રોકાયેલા. બીજા દિવસે ખેતરના માલિક સાથે આરોપીએ વાત કરેલી અને જમીન ભાગે વાવવા લાગેલી. તે પટેલનુ ખેતર હતુ. ત્યાં તેઓ બંન્ને ખેતી કરતા હતા. તે વખતે આરોપીએ એક દિવસ તેણીની સાથે તેણીની મરજી વિરુધ્ધ જબરજસ્તીથી શરીર સંબંધ બાંધેલો. પછી ત્યાંથી આરોપી તેણીને લઇને અંબાજી જવા માટે નીકળેલો અને તેઓ રાધનપુર આવેલા. રાધનપુરથી ઇકો ગાડીમાં પાટણ જતા હતા તે વખતે પોલીસ આવેલી અને પોલીસ તેમને પકડીને પો.સ્ટે.લઇ આવેલી. પોલીસે તેણીની પુછપરછ કરી તેણીનું નિવેદન લીધેલ. પોલીસ તેણીને ડોક્ટર પાસે સારવાર માટે લઇ ગયેલી અને ત્યાં ડોક્ટર રુબરુ તેણીએ તેણીની બનાવની વિગતો લખાવેલી. પોલીસ તેણીને જજ સાહેબ પાસે નિવેદન આપવા માટે કોર્ટમાં લઇ ગયેલી. ત્યાં તેણીએ જજ સાહેબને તેણીનું નિવેદન લખાવેલુ હોવાનું જણાવી આંક–૫૪ થી બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૩ મુજબનુ નિવેદન રજુ કરેલ છે. પોલીસે તપાસમાં તેણીના કપડા માંગેલા, જે તેણીએ રજુ કરેલા. પોલીસ તેણીને ભચાઉ તેઓ જે જગ્યાએ રહેતા હતા ત્યાં લઇ ગયેલી અને તેણીએ પોલીસને તે જગ્યા બતાવેલી. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેણીએ સ્વીકારેલ છે કે, તેણીએ તેણીના પોલીસ રૂબરૂના નિવેદનમાં તથા ૧૮૩ ના નિવેદનમાં .........આરોપીએ મને ધમકી આપીને મોબાઇલ નંબર માંગેલો........ તથા ........... તે વખતે હુ એકલી ઘરે હતી. તે વખતે આરોપી આવેલો અને મને ધમકી આપીને એની સાથે બાઇક પર લઇ ગયેલો. મને વીડીયો વાયરલ કરવાની ધમકી આપેલી..........તથા..................ભચાઉ બાઇક પર લઇ ગયેલ હોય ............તથા...........તે વખતે આરોપીએ એક દિવસ મારી સાથે મારી મરજી વિરુધ્ધ જબરજસ્તિથી શરીરસંબંધ બાંધેલો.......તથા .........મે ધો.૭ સુધીનો અભ્યાસ કરેલ હોય.......... તેવુ લખાવેલ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, પોલીસ તેણીને જે દિવસે પો.સ્ટે.લઇ ગઇ તે દિવસે

તેણીના માતાપિતા અને ગામના આગેવાનો પો.સ્ટે. આવેલા. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીએ તેણીના પોલીસ રૂબરૂના નિવેદનમાં તેણીના માતા પિતા તેણીના લગ્ન કાતરા ગામે કરવા માગતા હતા અને આ લગ્ન તેણીને કરવા ન હતા તેવુ લખાવેલ. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણીએ તેણીના પોલીસ રૂબરૂના નિવેદનમાં તેણીને આરોપી સાથે પ્રેમસંબંધ થયેલ હતો તેવુ લખાવેલ છે. તેણીએ ઈન્કાર કરેલ છે કે, તેણી આરોપી સાથે ફોન પર વાતચિત કરતી હતી, એટલે તેણીને આરોપી સાથે પ્રેમસંબંધ થયેલો તેવુ તેણીએ તેણીના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ. તેણીએ સ્વીકારેલ છે કે, પો.સ્ટે.થી તેણી તેણીના ઘરે ગયેલી અને પો.સ્ટે.થી ઘરે ગયા બાદ તેણી તેણીના માતાપિતા સાથે રહેલી અને ત્યારબાદ તેણી પો.સ્ટે. ગયેલ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, પોલીસને કપડા આપીને તેણી તેણીના માતા પિતાના ઘરે ગયેલી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણી ડોકટર સાહેબ પાસે ગઈ ત્યારે તેણીના માતાપિતા તથા ગામના લોકો તેણીની સાથે આવેલા. તેણીને આરોપીના મોબાઈલ નંબર કે તેણીના મોબાઈલ નંબર ખબર નથી.

**(૧૭)** વધુમાં, ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર–૮ ભોગ બનનારના પિતાની આંક–૫૦ ની જુબાની ધ્યાને લેતા, બનાવ સમયે તેઓ પટેલ હરિભાઈના બોર ઉપર કામ કરતા હતા અને ત્યાં કુટુબ સાથે રહેતા હતા. બનાવ આશરે દોઢેક વર્ષ અગાઉ બનેલો. બનાવના દિવસે તેમના ભાણેજનુ બોલામણુ રાખેલ હોઈ તેઓ અને તેમની પત્ની જવા માટે સવારે નવેક વાગે નીકળેલા. તે વખતે તેમની ભોગ બનનાર દિકરી ઘરે એકલી હતી. બોલામણુ પતિ ગયા પછી સાંજના છ સાત વાગ્યાના અરસામાં તેઓ તેઓના ઘરે પરત આવેલા અને જોયુ તો તેઓના ઘરની ઓરડી બંધ હતી અને તેમની ભોગ બનનાર દિકરી જણાઈ આવેલ નહી. જેથી તેઓએ આજુબાજુના ખેતરોમાં તેમની ભોગ બનનાર દિકરીની શોધખોળ કરેલ, પરંતુ તેમની ભોગ બનનાર દિકરીની કોઈ ભાળ મળેલ નહી. તેઓએ ગામમાં તેઓના સગા સંબંધીઓ તથા તેમની ભોગ બનનાર દિકરીની બહેનપણીઓની પુછપરછ કરી, પરંતુ મળી આવેલ નહી. જેથી તેમણે પોલીસમાં જઈ ફરિયાદ કરેલી. ફરિયાદ આપ્યા બાદ પોલીસ આવેલી અને તેમની પુછપરછ કરેલી હોવાનું જણાવી

આંક–પ૧ થી ફરીયાદ રજુ કરેલ છે. વધુમાં, તેઓએ તેમની ભોગ બનનાર દિકરીની શોધખોળ કર્યા બાદ આજુબાજુમાં પુછપરછ કરેલી, પરંતુ તેમને વાતોવાતથી કોઈ વાત જાણવા મળેલ નહી. તેમની ભોગ બનનાર દિકરી બનાવના બે મહિના બાદ પોલીસ લાવેલી. પોલીસે તેમને પો.સ્ટે. બોલાવેલ અને તેમની ભોગ બનનાર દિકરીને તેઓને સોંપેલી. તેમની ભોગ બનનાર દિકરીને પુછપરછ કરતા માનપુર ગામના વાલજીભાઈએ તેમની ભોગ બનનાર દિકરીને ધમકી આપેલી તેવુ જણાવેલ હોવાનું જણાવી આરોપીને ઓળખી બતાવેલ છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેમણે તેમની સરતપાસમાં તેમની ભોગ બનનાર દિકરીને ધમકી આપેલ તેવુ જણાવેલ છે તે બાબતે પોલીસને તેમણે કોઈ જાણ કરેલ નહીં તેમ જણાવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેમણે તેમની ફરિયાદ કે વધારાના જવાબમાં આરોપીને ઓળખે છે તેવુ લખાવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેમની ભોગ બનનાર દિકરી ઘરે ન હતી, તેથી ગામના આગેવાનો સાથે પો.સ્ટે.જઈ ફરિયાદ આપેલી. તેઓએ સ્વીકારેલ છે કે, ફરિયાદ ગામના આગેવાનોએ લખાવેલી અને તેમણે અંગુઠો કરેલ. પોલીસ તેમની દિકરીને શોધી લાવેલ તે દિવસે તેમને પો.સ્ટે. બોલાવેલ અને ત્યારબાદ તેઓ તેમની ભોગ બનનાર દિકરીને ઘરે લઈ ગયેલા.

(૧૮) વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ નંબર–૯ ભોગ બનનારની માતાની આંક–પર ની જુબાની ધ્યાને લેતા, બનાવ સમયે તેઓ પટેલ હરિભાઈના બોર ઉપર કામ કરતા હતા અને ત્યાં કુટુબ સાથે રહેતા હતા. બનાવ આશરે દોઢેક વર્ષ અગાઉ બનેલો. બનાવના દિવસે તેઓના ભાણેજનુ બોલામણુ રાખેલ હોઈ, તેઓ અને તેમના પતિ જવા માટે સવારે નવેક વાગે નીકળેલા. તે વખતે તેમની ભોગ બનનાર દિકરી ઘરે એકલી હતી. બોલામણુ પતી ગયા પછી સાંજના છ સાત વાગ્યાના અરસામાં તેઓ તેઓના ઘરે પરત આવેલા અને જોયુ તો તેઓના ઘરની ઓરડી બંધ હતી અને તેમની ભોગ બનનાર દિકરી જણાઈ આવેલ નહી. જેથી તેઓએ આજુબાજુના ખેતરોમાં તેમની ભોગ બનનાર દિકરીની શોધખોળ કરેલ, પરંતુ તેમની ભોગ બનનાર દિકરીની કોઈ ભાળ મળેલ નહી. તેઓએ ગામમાં તેઓના સગા સંબંધીઓ

તથા તેમની ભોગ બનનાર દિકરીની બહેનપણીઓને પુછપરછ કરેલી, પરંતુ મળી આવેલ નહી. જેથી તેમના પતિએ પોલીસમાં જઇ ફરિયાદ કરેલી. પોલીસ આવેલી અને તેમની પુછપરછ કરેલી. વધુમાં, તેઓએ તેમની ભોગ બનનાર દિકરીની શોધખોળ કર્યા બાદ આજુબાજુમાં પુછપરછ કરેલી, પરંતુ તેમને વાતોવાતથી કાંઇ વાત જાણવા મળેલ નહી. તેમની ભોગ બનનાર દિકરીને બનાવના બે મહિના બાદ પોલીસ લાવેલી. પોલીસે તેમને પો.સ્ટે. બોલાવેલ અને તેમની ભોગ બનનાર દિકરીને તેઓને સોંપેલી. તેમની ભોગ બનનાર દિકરીને પુછપરછ કરતા તેઓના ગામનો છોકરો જેના પિતાનુ નામ અભુજી છે તે તેમની ભોગ બનનાર દિકરીને ફોસલાવી, પટાવીને લઇ ગયેલ તેવુ જણાવેલ હોવાનું જણાવી આરોપીને ઓળખી બતાવેલ છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેણીએ તેમની ભોગ બનનાર દિકરીને ફોસલાવી પટાવીને લઇ ગયેલ છે તેવુ સરતપાસમાં જણાવેલ છે તે બાબતે પોલીસને જણાવેલ નથી તેનો ઇન્કાર કરેલ છે તેમજ બનાવ બાબતે પોલીસે તેણીની કોઇ પુછપરછ કરેલ નહીં તેવુ જણાવેલ છે. સદર સાહેદની બાકીની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓને ભોગ બનનારની ઉંમર બાબતે આરોપી તરફે પ્રશ્નોત્તરી કરવામાં આવેલ છે. જેની ચર્ચા મુદ્દા નંબર-૧ માં વિગતે કરવામાં આવેલ છે.

(૧૯) વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ નંબર-૨ ડો.આકાશભાઇ કમલેશકુમાર રાઠોડની આંક-૨૦ ની જુબાની ધ્યાને લેતા, તેઓ ગઇ તા.૦૧/૦૯/૨૦૨૪ ના રોજ ધારપુર હોસ્પીટલમાં ઇમરજન્સી વિભાગમાં તેમની ફરજ ઉપર હાજર હતા ત્યારે ભોગ બનનારને બળાત્કાર લગત શારિરિક તપાસણી માટે પોલીસ યાદી સાથે તેમની સમક્ષ લાવતા, તેઓએ ભોગ બનનારની શારિરિક તપાસણી કરતા પહેલા લેખીતમાં સંમતિ કેસ પેપર્સમાં લીધેલી તથા ભોગ બનનારના શરીરે ઓળખના ચિન્હોની નોંધ કરેલી તેમજ ભોગ બનનારને બનાવની હીસ્ટ્રી પુછતા તેણીએ તેણીના શબ્દોમાં જણાવેલ કે," વાલસંગજી અભુજી ઠાકોર મારો સારો મિત્ર છે અંદાજે ત્રણ મહિના પહેલા મને તારીખ કે મહીનો યાદ નથી ત્યારે ભાગ્યા હતા અમે લાંબા સમયથી ફોન પર વાતો કરતા હતા મને ફોન કરી માનપુર ગામના

તળાવે મળવા બોલાવેલી એમણે મને ભાગવાની વાત કરેલી અને હુ મારી મરજીથી એમની સાથે ગઇ માનપુરથી હારીજ બસમાં ગયા, હારીજથી બસમાં ભચાઉ ગયા ભચાઉ કોઇ મંદીરમાં રોકાયા પછી ત્યાં ભચાઉમાં કોઇના ઘરે જમીનમાં કામ કરવા અને એ અમને થોડા ભાગ આપશે એમ કામ કરેલુ આ દરમ્યાન અમે એક જ વાર જાતીય સંબધ બાંધેલો જેમા કોઇ બળજબરી કે ધમકી મને આપેલી ન હતી મે મારી મરજીથી જાતીય સબંધ બાંધેલ છે જેમાં નીરોધ એટલે કે, કોન્ડોમનો ઉપયોગ કરેલ ન હતો અમે ૦૧.૦૯.૨૦૨૪ ના સવારે વહેલા ભચાઉથી અંબાજી જવા નીકળ્યા, ભચાઉથી બસમાં રાધનપુર આવ્યા ત્યાંથી પાટણ ઇકો ગાડીમાં આવ્યા ત્યાં પાટણ પોલીસ વાળાએ અમને પકડયા અને સીધા પાટણ તાલુકા પોલીસ સ્ટેશને લઇ ગયેલા". વધુમાં, તેઓએ ભોગ બનનારની કરેલ શારિરિક તપાસણીની વિગતો જણાવેલ છે તેમજ ભોગ બનનારનો યુરીન પ્રેગનન્સી ટેસ્ટ કરાવતા તે નેગેટીવ આવેલો હોવાનું જણાવી ભોગ બનનારના શરીર પરથી તેમણે લીધેલ સેમ્પલોની વિગતો જણાવેલ છે. વધુમાં, ભોગ બનનારને વધુ તપાસણી અર્થે તેમની હોસ્પીટલના ગાયનેકોલોજીસ્ટ ડો.પારૂલ જાની સા.સમક્ષ મોકલી આપેલી અને ગાયનેકોલોજીસ્ટ ડો.પારૂલ જાની સા.નાઓએ ભોગ બનનારની તપાસણી કર્યા બદલ કેસ પેપર્સમાં તાજેતરમાં ભોગ બનનાર સાથે શારિરિક સંભોગ થયેલાનુ નકારી શકાય નહી અને હાઇમેન જુનુ તુટેલ હોવાનો અભિપ્રાય આપેલો હોવાનું જણાવેલ છે તેમજ ભોગ બનનારને તેમની હોસ્પીટલના સાયકીયાટ્રીક ડો.ચિંતન રાવલ સમક્ષ રીફર કરેલા અને તેઓએ ભોગ બનનારની માનસિક સ્થિતિ નોર્મલ હોવાનો અભિપ્રાય આપેલો તેમજ ભોગ બનનારને તેમની હોસ્પીટલના રેડીયોલોજીસ્ટ ડો.આબીદ સમક્ષ ગર્ભ રહેલ છે કે કેમ તે માટે રીફર કરેલા અને તેઓએ ભોગ બનનારના પેટના ભાગની સોનોગ્રાફી કરેલી, જેમાં સામાન્ય હોવાનુ જણાવેલ હોવાનું જણાવી આંક–૨૧ થી આંક–૨૭ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. વધુમાં, ગઇ તા.૦૨/૦૯/૨૦૨૪ ના રોજ તેઓ ધારપુર હોસ્પીટલમાં ઇમરજન્સી વિભાગમાં તેમની ફરજ પર હાજર હતા ત્યારે આરોપી વાલસંગજી અભુજી મોહનજી ઠાકોરને બળાત્કાર લગત શારિરિક તપાસણી માટે પોલીસ યાદી સાથે તેમની સમક્ષ લાવતા, તેઓએ આરોપીની શારિરિક તપાસણી કરતા

પહેલા લેખીતમાં સંમતિ કેસ પેપર્સમાં લીધેલી તથા આરોપીના શરીરે ઓળખના ચિન્હોની નોંધ કરેલી તેમજ આરોપીએ જણાવેલ હિસ્ટ્રીની નોંધ કરેલી હોવાનું જણાવી, તેઓએ આરોપીની કરેલ શારિરિક તપાસણીની વિગતો જણાવેલ છે તેમજ આરોપીના શરીરના ભાગે તપાસતા કોઈ ઈજાના નિશાન જણાઈ આવેલ નહીં તેમ જણાવી આરોપીના શરીર ઉપરથી લીધેલ સેમ્પલોની વિગતો જણાવેલ છે અને તેમના અભિપ્રાય મુજબ આરોપી શારિરિક સંભોગ કરવા માટે સક્ષમ હતા કે કેમ તે તેઓ કહી શકે નહીં તેમ જણાવી આંક–૨૮ થી આંક–૩૧ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારને પોલીસ યાદી સાથે તેમની સમક્ષ રજુ કરેલી અને પોલીસ યાદીમાં ભોગ બનનારનુ નામ, ઉંમર તથા તેનુ સરનામુ લખેલુ હતુ. તેઓએ સ્વીકારેલ છે કે, તેમણે તેમના મેડીકલ સર્ટી. માં ભોગ બનનારની HISTORY GIVEN BY HER SELF જેવા શબ્દો દર્શાવેલા નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ જે ભોગ બનનારનુ મેડીકલ સર્ટી. તૈયાર કરે ત્યારે કેસ પેપર્સ ઉપરથી બનાવે છે. તેઓએ સ્વીકારેલ છે કે, બંનેના મેડીકલ સર્ટીફીકેટ તથા કેસ પેપર્સ જોતા ભોગ બનનાર કે આરોપીના શરીરના આંતરીક કે બાહ્ય ભાગે ઈજાના કોઈ નિશાનો મળેલા નહી. તેમણે કરેલ આરોપીની શારીરીક તપાસણીમાં આરોપી સંભોગ કરવા સક્ષમ હતો કે કેમ તે તેઓ જણાવી શકે નહીં તેમ જણાવેલ છે. તેમણે આ સબબ આરોપીને અમદાવાદ સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરેલા. તેઓએ સ્વીકારેલ છે કે, મેડીકલ પરીભાષા મુજબના પુરતા પ્રયત્નો કરવા છતા આરોપીના શરીરમાંથી સીમેન સેમ્પલ કલેકટ થઈ શકયા ન હતા. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારની ઉંમર નકકી કરવા તેમની હોસ્પીટલમાં રેડીયોલોજીસ્ટ કે ડેન્ટીસ્ટ તરફ રીફર કરેલા નહી.

(૨૦) વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ નંબર–૩ ડો.હર્ષદ મગનલાલ સુતરીયાની આંક–૩૨ ની જુબાની ધ્યાને લેતા, ગઈ તા.૦૭/૦૯/૨૦૨૪ ના રોજ તેઓ તેમની ફરજ પર રાત્રીના ૧૧.૨૪ વાગે સિવિલ હોસ્પીટલ અમદાવાદના ટ્રોમા સેન્ટર ખાતે હાજર હતા. ત્યારે આરોપી વાલસંગજી અભુજી ઠાકોરને સીમેન સેમ્પલ લેવા સારુ પાટણ પોલીસની યાદી તથા

ધારપુર હોસ્પીટલની રીફર ચીટ સાથે હે.કો.નાનાભાઈ મારી પાસે તપાસણી માટે લાવેલ. આરોપીની શારિરિક તપાસણી કરતા પહેલા લેખીતમાં સંમતિ લીધેલી. આરોપીને ટ્રોમા સેન્ટર ખાતે સીમેન સેમ્પલ મેળવવા માટે ટ્રાયલ આપવામાં આવેલી. પરંતુ સીમેન સેમ્પલ મેળવી શકાયેલ ન હતુ. ત્યારબાદ આરોપીને યુરોલોજી ડીપાર્ટમેન્ટમાં રીફર કરવામાં આવેલ. ત્યાં ફરજ પરના ડો.ધવલ દેસાઈએ આરોપીની શારિરિક તપાસણી માટેની સંમતિ લઈ, તેને તપાસેલ હતા. તેમના જણાવ્યા મુજબ આરોપીના સેકન્ડરી સેક્સ્યુઅલ કેરેકટર વેલડેવલપ હતા અને બાહ્ય અંગો નોર્મલ હતા. આરોપીને કોઈ યુરોલોજીકલ પ્રોબલમ ન હતો. આરોપીને ઈજેક્યુલેશન અને ઈરેકશનમાં કોઈ જ પ્રોબલમ ન હતો. ત્યારબાદ આરોપીના સીમેન કલેકશન માટે પંદર મિનિટ માટે ઈલેક્ટ્રોવાઈબ્રેટરી મેથર્ડનો ઉપયોગ કરવામાં આવેલ હતો. પરંતુ સીમેન કલેકટ થઈ શકેલ ન હતુ. ત્યારબાદ યુરોલોજી ડીપાર્ટમેન્ટે આરોપીને પેનાઈલ ડોપ્લર માટે રેડીયોલોજી વિભાગમાં રીફર કરેલ હતા. રેડીયોલોજી વિભાગમાં આરોપીએ પેનાઈલ ડોપ્લરની તપાસ કરવા માટે નેગેટીવ કન્સેન્ટ આપેલ હતી. જેથી પેનાઈલ ડોપ્ટલનો રીપોર્ટ થઈ શકેલ ન હતો. તેમણે તથા તેમની હોસ્પીટલના ડોકટરશ્રીઓએ કરેલ તપાસણી પરથી તેમના અભિપ્રાય મુજબ આરોપી શારિરિક સંબંધ બાંધવા માટે સક્ષમ હતો તેમ જણાવી આંક-૩૩ થી આંક-૩૬ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, કેસ પેપરના આધારે તેમણે સર્ટી. બનાવેલ. તેઓએ સ્વીકારેલ છે કે, આંક-૩૫ ના સર્ટી.માં તેમણે આરોપી શારિરિક સંબંધ બાંધવા સક્ષમ હોવાનો અભિપ્રાય આપેલ નથી. સાહેદ જણાવે છે કે, મેડીકલ ભાષામાં અભિપ્રાય લખેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, આરોપીનુ સીમેન સેમ્પલ તેઓની હોસ્પીટલમાં પ્રયત્ન કરવા છતા મળી શકેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસ યાદી મુજબ સેક્સ્યુઅલ એસોર્ટની હીસ્ટ્રી તેમના સર્ટી.માં નોંધ કરેલ છે.

**(૨૧)** વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ નંબર-૪ પંચ સંજયભાઈ ડાહ્યાભાઈ પ્રજાપતિની આંક-૩૭ ની જુબાની ધ્યાને લેતા, તેઓ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગમાં જુ.કલાર્ક તરીકે ફરજ બજાવે છે. તા.૦૨/૦૯/૨૦૨૪ ના

અરસામાં તેઓ પાટણ કચેરીમાં જુ.કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા. તે દિવસે તેઓ તેમની ફરજ પર હાજર હતા. ત્યારે તેઓના સાહેબની સુચનાથી તેમને પાટણ તાલુકા પો.સ્ટે. જવાનુ કહેતા તેઓ અને તેમની સાથે ઉમંગભાઇ રાવલ બંન્ને જણા પો.સ્ટે.ગયેલા. ભોગ બનનારની શરીર સ્થિતી અને તેના બનાવ વખતે પહેરેલ કપડા કબજે લેવાનુ પંચનામુ કરવાની સમજ કરતા તેમણે પંચમાં રહેવા સંમતિ આપેલી. સંમતિ આપ્યા પછી ભોગ બનનાર બહેન નુ નામ ઠામ પુછેલુ અને તેણે જણાવેલુ. પછી ભોગબનનારે બનાવ વખતે પહેરેલ કપડા હતા તે અલગ રૂમમાં જઇ તે કપડા બદલી લાવી રજુ કરેલા. જે કપડા જોતા એક પીળા કલરનુ ટોપ હતુ, એક કાળા કલરની લેંધી, એક કાળા કલરનો જાંગીયો હતો. આ કપડા અલગ અલગ કાપડની બેગીમાં મુકી પંચોની સહીવાળી કાપલીઓ મુકી પોલીસે તપાસ અર્થે કબજે કરેલ. આ બાબતનુ પંચનામુ કરી પોલીસે વાંચી સંભળાવેલ અને તે ખરુ હોઇ તેમાં તેઓએ સહીઓ કરેલી હોવાનું જણાવી આંક–૩૮ ના પંચનામામાં તેમની અને ઉમંગભાઇ રાવલની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં, તેમને મુ.મા.આર્ટીકલ નં.૧ થી ૩ વાળા કપડા જેમાં અનુક્રમે એક પીળા કલરનુ ટોપ, એક કાળા કલરની લેંધી, એક કાળા કલરનો જાંગીયો બતાવતા તેઓ રૂબરૂ કબજે કરવામાં આવેલ તે જ કપડા હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ આંક–૩૯ થી આંક–૪૧ ની પંચ સ્લીપોમાં પોતાની અને ઉમંગભાઇ રાવલની સહી હોવાનું ઓળખી બતાવેલ છે. વધુમાં, તે જ દિવસે સાંજના છ વાગ્યાના અરસામાં ફરીથી પો.સ્ટે.માં પંચમાં બોલાવેલ. તે વખતે એક ઇસમ હાજર હતો તેણે પોતાનુ નામ વાલસંગજી અભુજી હોવાનુ જણાવેલ અને તેણે બનાવ સમયે પહેરેલ કપડા રજુ કરેલા. તે જોતા એક લીલા કલરનુ શર્ટ, એક જીન્સનુ પેન્ટ હતુ. આ કપડા અલગ અલગ કાપડની બેગીમાં મુકી પંચોની સહીવાળી કાપલીઓ મુકી પોલીસે તપાસ અર્થે કબજે કરેલ. આ બાબતનુ પંચનામુ કરી પોલીસે વાંચી સંભળાવેલ અને તે ખરુ હોઇ તેમાં તેઓએ સહીઓ કરેલી હોવાનું જણાવી આંક–૪૨ ના પંચનામામાં તેમની અને ઉમંગભાઇ રાવલની સહી ઓળખી બતાવેલ છે તેમજ મુ.મા.આર્ટીકલ નં.૪ અને ૫ વાળા કપડા જેમાં અનુક્રમે એક લીલા કલરનુ શર્ટ, એક જીન્સુનુ પેન્ટ બતાવતા, આ કપડા તેઓ રૂબરૂ કબજે કરેલ તે જ હોવાનું જણાવી ઓળખી

બતાવેલ છે તેમજ આંક–૪૩ અને આંક–૪૪ ની પંચ સ્લીપો ઉપરની પોતાની અને ઉમંગભાઇ રાવલની સહી ઓળખી બતાવેલ છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ પો.સ્ટે.માં ગયા ત્યારે કપડા પડેલ હતા. તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે તેમને કહેલ કે આ કપડાનુ પંચનામુ કરવાનુ છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ પો.સ્ટે.માં ગયા ત્યારે પોલીસે પંચનામુ લખેલ હતુ. તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે જણાવેલ કે, આ કપડા આરોપી અને ભોગ બનનારના છે અને તૈયાર લખેલા પંચનામામાં સહી કરવાનુ કહેતા તેમણે સહીઓ કરેલી. તેઓએ સ્વીકારેલ છે કે, સહી કરીને તરત તેઓ તેમની ફરજ પર જવા નીકળી ગયેલા. તેઓએ સ્વીકારેલ છે કે, બીજા પંચ ઉમંગભાઇ પણ તેમની સાથે આવેલા અને તેઓ પણ સહી કરીને ફરજ પર નીકળી ગયેલા. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ પંચનામુ લખાવેલ હોય તેવુ બનેલ નથી. સાહેદે જણાવેલ છે કે, પોલીસે કપડા બતાવેલા.

**(૨૨)** વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ નંબર–૫ પંચ કિશોરસિંહ રમેશજી ઠાકોરની આંક–૪૫ ની જુબાની ધ્યાને લેતા, તા.૦૩/૦૯/૨૦૨૪ ના રોજ તેઓ તેમની ફરજ ઉપર જંગરાલ યુ.જી.વી.સી.એલ કચેરીમાં જુનીયર કલાર્ક તરીકે તેમની ફરજ ઉપર હતા ત્યારે તેઓના ઉપરી અધિકારીના આદેશ અનુસાર પંચમાં રહેવા સારુ તેઓ તથા તેમના સાથી જુનીયર કલાર્ક જયમીનકુમાર પટેલનાઓ તા.૦૪/૦૯/૨૦૨૪ નારોજ પાટણ તાલુકા પો.સ્ટે. ગોલાપુર ખાતે પંચમાં રહેવા સારુ ગયેલ. પો.સ્ટે. જઇ તેઓ સાહેબને મળેલા. સાહેબે જણાવેલ કે, પોક્સોનો કેસ છે, તેના માટે ભચાઉ કચ્છમાં પંચનામુ કરવા સારુ જવાનુ છે. તેથી તેઓએ સંમતી દર્શાવેલી. ત્યાં એક બહેન હાજર હોઇ તેનુ નામઠામ પુછતા તેણીએ જણાવેલ કે, મારી ઉંમર ૧૮ થી ઓછી હતી ત્યારે હુ ભાગીને ભચાઉ ખાતે ગયેલ તે જગ્યા હુ બતાવા માંગુ છુ. જેથી તેઓ પંચો તથા પોલીસના સાહેબ તથા પોલીસના માણસો મહિલા પોલીસ કર્મચારી તથા ભોગ બનનાર બહેન પોલીસની ગાડીમાં હારીજ રાધનપુર થઇ ભચાઉમાં તેઓ કેનાલ ઉપર થઇ બનાવવાળી જગ્યાએ ગયેલા, તે ખેતર વિનોદભાઇ પટેલનુ હતુ. આશરે ૫ એકર જેટલી જમીન હતી. જે

ખેતરમાં મગફળીનુ વાવેતર હતુ અને પુર્વ તરફ મોઢાની ચાર ઓરડીઓ હતી. જેમાં છેલ્લી ઓરડીમાં ગુનાવાળી જગ્યા તેઓની સાથે આવેલી ભોગ બનનાર બહેને બતાવેલી, તે જગ્યા જોતા ૧૦*૧૦ ની લંબાઇ પહોળાઇની હતી ઉપરના ભાગે સિમેન્ટના પતરા હતા. ઓરડીમાં એક લોખંડનો પાટી પલંગ હતો અને અભરાઈ હતી તમામ ઘરનો સામાન પડેલ હતો અને લાકડાની કપડા સુકવવા માટેની વરળણી હતી. ખાટલામાં ગોદડા હતા તેને જોતા ગુનાને લગતી કોઇ શંકાસ્પદ વસ્તુ મળી આવેલ નહી. પોલીસે ત્યાંથી કોઇ ચીજ વસ્તુ કબજે કરેલ નહી. ભચાઉથી કોઇ સાહેબ ગાડી લઇને આવેલા તેઓ ત્યાં હાજર હતા. આ બનાવવાળી જગ્યાની ચતુર્સીમા જોતા તેના ઉતર, દક્ષિણ, પુર્વ દિશામાં ખેતરો હતા અને ત્યાંથી થોડે દુર કેનાલ હતી અને આવવા જવાનો કાચો રસ્તો હતો. તે મુજબનુ પંચનામુ તેઓએ લખાવેલુ. તે મુજબ પોલીસના માણસોએ લખેલુ અને પંચનામામાં તેઓની સહીઓ કરાવેલી હોવાનું જણાવી આંક-૪૬ ના પંચનામામાં પંચ નં.૨ તરીકે તેમની સહી અને પંચ નં.૧ તરીકે તેમની સાથેના પંચ જયમીન પટેલની સહી ઓળખી બતાવેલ છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, તા.૪/૦૯/૨૦૨૪ ના રોજ તેમની ફરજ જંગરાલ યુ.જી.વી. સી.એલ કચેરી ખાતે હતી. તેઓએ સ્વીકારેલ છે કે, ચાલુ નોકરી દરમ્યાન કામે બહાર જવુ હોય તો ઉપરી અધિકારીની લેખિત પરવાનગી લેવી પડે. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેમને પરવાનગી આપેલ. તેઓએ સ્વીકારેલ છે કે, તેમની લેખિત પરવાનગીની ઓ.સી.માં રીસીવ કરનાર તરીકે સહી લીધેલી. તેઓએ સ્વીકારેલ છે કે, એક નકલ તેમને આપેલી અને તેઓ આજરોજ નકલ લાવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેમના ઉપરી અધિકારી લેખિત હુકમ ન કરે તો બહાર જવાનો ઇનકાર કરી શકે. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર તથા મહિલા પોલીસ કર્મચારી તેઓની સાથે હતા તેવુ પંચનામાં લખેલુ હતુ. તેઓ પંચનામુ વાંચીને જણાવે છે કે, તેમાં આવુ લખેલ નથી.

(૨૩) વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ નંબર-૬ પંચ માનસંગજી ભવાનજી ઠાકોરની આંક-૪૭ ની જુબાની તથા સાહેદ નંબર-૭ પંચ

જયમિનસિંહ દલપતસિંહ ઝાલાની આંક–૪૯ ની જુબાની ધ્યાને લેતા, ઉપરોકત બંને પંચ સાહેદોએ તેઓની જુબાનીમાં આંક–૪૮ ના મોટર સાયકલ કબજે કર્યાના પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. જેથી ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવા છતા ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી ઉપરોકત પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ થતો નથી.

**(૨૪)** વધુમાં, ફરીયાદ પક્ષે તપાસેલ સાહેદ નંબર–૧૧ પી.આઇ. દિલીપભાઇ ભલાભાઇ ચાવોડની આંક–૫૬ ની જુબાની ધ્યાને લેતા, તા.૦૨/૦૮/૨૦૨૪ થી પાટણ તાલુકા પો.સ્ટે.માં પ્રો.પી.આઇ. તરીકે ફરજ બજાવતા હતા. તે સમયે હાલના ગુનાની તા.૧૬/૦૬/૨૦૨૪ ના રોજ ફરિયાદ દાખલ થયેલી. જેની પ્રાથમિક તપાસ પી.આઇ.શ્રી બી.એફ.ચૌધરી સા.નાઓ સંભાળતા હતા. જેઓએ આગળની તપાસ તેમને સોંપતા તેમણે તપાસ સંભાળી લીધેલી. તપાસના કામે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બે પંચો તથા એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં પંચનામુ કરેલ અને એફ.એસ. એલ.અધિકારીની હાજરીમાં સ્થળ પરિક્ષણ કરાવેલ. તા.૦૧/૦૯/૨૦૨૪ ના રોજ ભોગ બનનાર તથા આરોપી મળી આવતા તેઓને પો.સ્ટે. લાવેલ. ભોગ બનનારનુ નિવેદન લીધેલ. ભોગ બનનાર તથા આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડા બે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબજે કરેલ. ભોગ બનનાર તથા આરોપીની મેડીકલ તપાસણી કરાવવા માટે તજવીજ કરેલી. દુષ્કર્મ કરેલ જગ્યાનુ પંચનામુ બે પંચોની હાજરીમાં કરેલ અને આજુબાજુના સાહેદોના નિવેદનો લીધેલ. ભોગ બનનારનુ બી.એન.એસ. એસ.ની કલમ–૧૮૩ મુજબનુ નિવેદન લેવડાવવા સારુ નામદાર કોર્ટમાં રીપોર્ટ કરેલ. નિવેદન લેવાઇ જતા નકલ મેળવી વંચાણે લઇ કામમાં સામેલ રાખેલ. આરોપીનુ નિવેદન લીધેલ. કલમ વધારા માટે નામદાર કોર્ટમાં રીપોર્ટ કરેલ. ગુનામાં ઉપયોગ થયેલ મોટર સાયકલ બે પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબજે કરેલ. ભોગ બનનારની જન્મ તારીખનુ પ્રમાણપત્ર મેળવવા તજવીજ કરેલી. તેમણે અટક કરેલ આરોપીને તેઓએ ઓળખી બતાવેલ છે. વધુમાં, તપાસના કામે કબજે મુદ્દામાલના કપડા તથા મેડીકલ

નમુનાઓ રવાનગી નોંધ ભરી એફ.એસ.એલ. પરિક્ષણ થવા સારુ મુદ્દામ માણસ મારફતે મોકલી આપેલ. એફ.એસ.એલ.માંથી પાવતી આવેલી. ત્યારબાદ તેમની કમાન્ડો તાલીમ આવતા આગળની તપાસ તા.૧૯/૦૯/૨૦૨૪ ના રોજ પી.એસ.આઇ. ડાભી સા.નાઓને સોપેલી. જેઓએ આ ગુનાના કામે કાગળો વંચાણે લઇ આરોપી સામે નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનું જણાવી આંક-૫૭ થી આંક-૬૮ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. બચાવપક્ષ તરફેની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્વીકારેલ છે કે, તેમની તપાસ દરમ્યાન આ કામના ભોગ બનનારે આરોપીને તુ મને નહી લઈ જાય તો હુ દવા પીને મરી જઇશ તેવી ધમકી આપેલ હોવાનુ ખુલેલ. તેઓએ સ્વીકારેલ છે કે, તેમની તપાસ દરમ્યાન આરોપી અને ભોગ બનનારને પ્રેમ સંબંધ હતો તેવુ ખુલેલ. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર મળી આવી ત્યારબાદ માનપુર ગામના સાહેદોના નિવેદનો તેમણે તપાસના કામે લીધેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, ચાર્જશીટમાં માનપુર ગામના ભોગ બનનારના માતા, પિતા, ભોગ બનનાર સિવાયના બીજા સાહેદોને દર્શાવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેમની તપાસ દરમ્યાન આરોપીના વીર્યનુ સેમ્પલ એક કરતા વધુ ડોકટર પાસે લઈ જવા છતા મેળવી શકાયેલ ન હતુ. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર મળી આવે ત્યારે જેમ બને તેમ જલદી ડોકટરશ્રી પાસે તપાસણી માટે લઇ જવી પડે. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર તા.૦૧/૦૯/૨૦૨૪ ના રોજ બપોરના બે વાગ્યા આસપાસ મળી આવેલી. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારને પો.સ્ટે. લઇ ગયેલ ત્યારબાદ તેના વાલી વારસોને પો.સ્ટે. બોલાવવા પ્રયત્ન કરેલ.

**(૨૫)** આમ, ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેતા, ફરીયાદ પક્ષે સાહેદ નંબર-૧૦ ભોગ બનનારની આંક-૫૩ ની જુબાની ધ્યાને લેતા, બનાવના બે-ત્રણ વર્ષ પહેલા તેણીને આરોપી સાથે ઓળખાણ થયેલી અને આરોપીએ તેણીને ધમકી આપીને તેણીનો મોબાઇલ નંબર માંગેલો. તેણીએ આરોપી સાથે મોબાઇલ ઉપર એક જ વખત વાતચીત કરેલી. બનાવના દિવસે સવારે તેણીના માતા-પિતા ગામે બોલામણા માટે ગયેલા હતા તે

વખતે તેણી ઘરે એકલી હતી, ત્યારે સવારના દસ અગિયાર વાગ્યાના સુમારે આરોપી આવેલો અને વિડીઓ વાયરલ કરવાની ધમકી આપીને તેની સાથે બાઇક ઉપર લઇ ગયેલો. આરોપી તેણીને બાઇક ઉપર ભચાઉ લઇ ગયેલો અને ભચાઉમાં અંધારૂ થઇ જતા એક મંદિરમાં રાત રોકાયેલા. બીજા દિવસે ખેતરના માલિક સાથે આરોપીએ વાત કરેલી અને જમીન ભાગે વાવવા લીધેલી હતી. તે પટેલનું ખેતર હતુ. તેઓ બંને ખેતી કરતા હતા. તે વખતે આરોપીએ ભોગ બનનાર સાથે તેણીની મરજી વિરૂધ્ધ જબરજસ્તીથી શરીર સંબંધ બાંધેલો. પછી ત્યાંથી આરોપી તેણીને લઇને અંબાજી જવા નીકળેલો અને તેઓ રાધનપુર પહોંચેલા અને ત્યાંથી ઇકો ગાડીમાં પાટણ જતા હતા તે વખતે પોલીસ આવેલી અને પકડીને પો.સ્ટે. લઇ ગયેલી તેવુ જણાવેલ છે. ઉલટતપાસ જોતા, તેણીએ સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, તેણીએ પોતાના પોલીસ રૂબરૂના નિવેદનમાં તથા બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ ના નિવેદનમાં આરોપીએ ધમકી આપીને મોબાઇલ નંબર માંગેલો હોવાનું તેમજ ઘરે એકલી હતી તે વખતે આરોપી આવેલો અને વિડીઓ વાયરલ કરવાની ધમકી આપીને બાઇક ઉપર લઇ ગયેલો હોવાનું તથા ભચાઉ બાઇક ઉપર લઇ ગયેલો હોવાનું તેમજ આરોપીએ એક દિવસ ભોગ બનનાર સાથે તેણીની મરજી વિરૂધ્ધ જબરજસ્તીથી શરીર સંબંધ બાંધેલ હોવાનું લખાવેલ નથી. વધુમાં, ભોગ બનનારની ઉલટતપાસ ધ્યાને લેતા, તેણીએ સ્વીકારેલ છે કે, પોલીસ તેણીને જે દિવસે પો.સ્ટે. લઇ ગયેલી તે દિવસે તેણીના માતા–પિતા અને ગામના આગેવાનો પો.સ્ટે. આવેલા તેમજ તેણીએ પોતાના પોલીસ રૂબરૂના નિવેદનમાં તેણીના માતા–પિતા તેણીના લગ્ન કાતરા ગામે કરાવવા માંગતા હતા તેમજ આ લગ્ન તેણીએ કરવા ન હતા તેવુ લખાવેલ હોવાનું સ્વીકારેલ છે. જો કે, તેણીએ આરોપી સાથે ફોન ઉપર વાતચીત કરતી હતી એટલે આરોપી સાથે પ્રેમ સંબંધ થયેલો હોવાનું પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ હોવાનો ઈન્કાર કરેલો છે. વધુમાં, આંક–૫૪ થી રજુ થયેલ ભોગ બનનારના બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ ના નિવેદનની હકીકતો જોતા, ભોગ બનનાર આરોપીને છેલ્લા ત્રણ વર્ષથી ઓળખતા હોવાનું અને ત્રણ વર્ષ પહેલા તેણી રોડ ઉપરથી ચાલી જતી હતી ત્યારે આરોપીએ તેણીને પોતાનો નંબર આપેલો, તે પછી ભોગ બનનારે આરોપીને તેણીની બહેનના

ફોનથી ફોન કરેલો અને ત્યારપછી બંને જણા ફોન ઉપર વાતો કરતા હતા, તેણીની બહેન સાસરે જતી ત્યારે ફોન ઘરે મુકીને જતી હતી. તા.૦૭ કે ૦૮ છઠ્ઠા મહિનામાં આરોપીને ફોન કરીને તેણીએ કીધુ કે મને લઇ જા. પછીએ આરોપીએ તરત જ હા પાડેલી અને તે ભોગ બનનારને બોર ઉપર લેવા બાઇક લઇને આવેલો અને ત્યાંથી બાઇક ઉપર બેસીને હારીજ સુધી ગયેલા અને હારીજથી બસમાં બેસીને ભચાઉ ગયેલા અને ભચાઉ એક મંદિરમાં રાત રહેલા અને ત્યારબાદ એક પાકુ છાપરૂ ભચાઉમાં હતુ તેમાં રાત રહેલા અને ત્યાંથી બીજા દિવસે ભચાઉ ગામમાં જ ભાગે જમીન રાખેલી અને વાવતા હતા અને ઓરડીમાં રહેતા હતા અને તેણી ખાવાનું બનાવતી અને ખેતી પણ કરતી અને આરોપી પણ ખેતી કરતો અને આ રીતે તેઓ બે મહિના રહેલા. એક દિવસ અંબાજી દર્શન કરવા ગયા હતા તો ત્યાં પોલીસે તેઓને પકડી લીધેલા, તે વખતે તેઓ ઇકોમાં હતા. આ તમામ સમય દરમ્યાન ભોગ બનનાર અને આરોપી વચ્ચે શરીર સંબંધ બંધાયેલ તે ઓરડીમાં બંધાયેલ અને તે તેણીની મરજીથી બંધાયેલ અને આરોપીએ તેણીની સાથે જોર કરેલ નહી તેવુ જણાવેલ છે. વધુમાં, સાહેદ નંબર–ર ડો.આકાશભાઇ કમલેશકુમાર રાઠોડની આંક–ર૦ ની જુબાની ધ્યાને લેતા, તેઓ સમક્ષની હિસ્ટ્રીમાં પણ ભોગ બનનારે આરોપી સાથે મિત્રતા હોવાનું અને તેણી પોતાની મરજીથી આરોપી સાથે ગયેલ હોવાનું અને આરોપી સાથે એકજ વાર જાતિય સંબંધ બાંધેલો. જેમાં કોઇ બળજબરી કે ધમકી તેણીને આપેલ ન હતી અને તેણીએ મરજીથી જાતિય સંબંધ બાંધેલો તેવુ જણાવેલ છે. વધુમાં, સાહેદ નંબર–૧૧ તપાસ કરનાર અધિકારી પી.આઇ. દિલીપભાઇ ચાવોડની આંક–૫૬ ની ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓએ સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, તેમની તપાસ દરમ્યાન આ કામના ભોગ બનનારે આરોપીને તું મને નહીં લઇ જાય તો હું દવા પીને મરી જઇશ તેવી ધમકી આપેલ હોવાનું ખુલેલ તેમજ આરોપી અને ભોગ બનનારને પ્રેમ સંબંધ હતો તેવુ પણ તેમની તપાસમાં ખુલેલ હોવાનું તેઓએ સ્વીકારેલ છે. આમ, ઉપરોકત પુરાવો જોતા, ભોગ બનનાર અને આરોપી વચ્ચે પ્રેમ સંબંધ હોવાનું અને બનાવના દિવસે ભોગ બનનારે આરોપીને પોતે દવા પીને મરી જશે તેવી ધમકી આપી આરોપીને લઇને ગયેલ હોવાનું અને ભોગ બનનાર આરોપી સાથે સ્વેચ્છાએ ગયેલ હોવાનું તેમજ

આરોપી સાથે ભોગ બનનારે પોતાની મરજીથી અને કોઈપણ જાતની ધાક ધમકી વિના શરીર સંબંધ બાંધેલ હોવાનું રેકર્ડ ઉપરના પુરાવાથી સ્પષ્ટપણે જણાઈ આવે છે. વધુમાં, આ કામે સાહેદ નંબર–૮ ભોગ બનનારના પિતાની આંક–૫૦ ની તથા સાહેદ નંબર–૯ ભોગ બનનારના માતાની આંક–પ૨ ની જુબાનીઓ ધ્યાને લેતા, તેઓએ બનાવ નજરે જોયેલ ન હોવાનું તેઓની જુબાની ઉપરથી સ્પષ્ટપણે જણાઈ આવે છે.

**(૨૬)** વધુમાં, આ કામે તપાસેલ સાહેદ નંબર–૪ પંચ સંજયભાઇ ડાહ્યાભાઇ પ્રજાપતિની આંક–૩૭ ની જુબાની જોતા, તેઓએ પંચનામાની હકીકતને સમર્થન આપેલ છે. પરંતુ, ઉલટતપાસ ધ્યાને લેતા, તેઓ પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે પોલીસે કપડાનું પંચનામું કરવાનું છે તેવુ કહેલુ તથા તેઓ ગયા ત્યારે પોલીસે પંચનામું લખેલુ હતુ અને કપડા આરોપી અને ભોગ બનનારના છે તેવુ પોલીસે જણાવેલુ તથા તૈયાર લખેલા પંચનામામાં તેઓને સહી કરવાનું કહેતા તેમણે સહીઓ કરેલી અને સહી કરીને તરત જ તેઓ ફરજ ઉપર જવા નીકળી ગયેલા અને તે વખતે તેમની સાથે બીજા પંચ ઉમંગભાઇ પણ હતા અને તેઓ પણ તેમની સાથે સહી કરીને ફરજ ઉપર જવા નીકળી ગયેલા હોવાનું તથા તેઓએ પંચનામું લખાવેલ હોય તેવુ બનેલ ન હોવાનું પણ સ્વીકારેલ છે. તે સંજોગોમાં સદર પંચ સાહેદની હાજરીમાં આંક–૪૨ વાળુ પંચનામું થયેલ હોવાનું અને ભોગ બનનારે તથા આરોપીએ તેઓની હાજરીમાં પોતાના કપડા રજુ કરેલ હોય તેવુ ઉપરોકત ઉલટતપાસ જોતા, જણાઈ આવતુ નથી. તે સંજોગોમાં ઉપરોકત પંચ સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ થતો નથી. વધુમાં, સાહેદ નંબર–પ પંચ કિશોરસિંહ રમેશજી ઠાકોરની આંક–૪પ ની જુબાની જોતા, તેઓએ પણ આંક–૪૬ ના પંચનામાની હકીકતને સમર્થન આપેલ છે. બચાવપક્ષે તેઓની ઉલટતપાસ કરેલ છે. પરંતુ, બચાવપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તે સંજોગોમાં આંક–૪૬ ના પંચનામાની હકીકતો પુરવાર થાય છે. પરંતુ, જયારે ભોગ બનનારનો પુરાવો વિરોધાભાસી હોય અને વ્યાજબી શંકા રહિત ન હોવાનું જણાઈ આવતુ હોય અને ભોગ બનનાર તથા આરોપી વચ્ચે પ્રેમ સંબંધ હોય અને તેણી પોતાની સ્વેચ્છાએ અને રાજીખુશીથી

આરોપી સાથે ગયેલ હોય અને આરોપીને ધમકી આપી તેણીને ભગાડી જવા માટે કહેલ હોય ત્યારે અને પોતાની સ્વેચ્છાએ અને રાજીખુશીથી શરીર સંબંધ બાંધેલ હોય અને ભોગ બનનાર સગીર વયના હોવાનું વ્યાજબી શંકા રહિત પુરવાર થતુ નથી ત્યારે ઉપરોકત પંચ સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ થતો નથી. વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ નંબર–૬ પંચ માનસંગજી ભવાનજી ઠાકોરની આંક–૪૭ ની જુબાની તથા સાહેદ નંબર–૭ પંચ જયમિનસિંહ દલપતસિંહ ઝાલાની આંક–૪૯ ની જુબાની ધ્યાને લેતા, ઉપરોકત બંને પંચ સાહેદોએ તેઓની જુબાનીમાં આંક–૪૮ ના મોટર સાયકલ કબજે કર્યાના પંચનામાની હકીકતને સમર્થન આપેલ ન હોઈ, જેથી ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવા છતા ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી ઉપરોકત પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ થતો નથી. આમ, ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેતા, ભોગ બનનારનો પુરાવો વિરોધાભાસી હોય અને વ્યાજબી શંકા રહિત ન હોવાનું જણાઈ આવતુ હોય તેમજ ભોગ બનનાર તથા આરોપી વચ્ચે પ્રેમ સંબંધ હોય અને તેણી પોતાની સ્વેચ્છાએ અને રાજીખુશીથી આરોપી સાથે ગયેલ હોય અને આરોપીને ધમકી આપી તેણીને ભગાડી જવા માટે કહેલ હોય તેમજ તેણીએ પોતાની સ્વેચ્છાએ અને રાજીખુશીથી શરીર સંબંધ બાંધેલ હોય અને ભોગ બનનાર સગીર વયના હોવાનું વ્યાજબી શંકા રહિત પુરવાર થતુ નથી તેવુ રેકર્ડ ઉપરના પુરાવા ઉપરથી સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ, ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેતા, આ કામના ભોગ બનનારને આરોપીએ લલચાવી, ફોસલાવી, તેણીની સાથે જારકર્મ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ જઈ અને ભોગ બનનાર સાથે બળજબરી પૂર્વક શરીર સંબંધ બાંધેલ હોવાનું પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સદંતર નિષ્ફળ ગયેલ છે. તે સંજોગોમાં આરોપી સામેનો કેસ વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. વધુમાં, નામદાર ગુજરાત હાઈકોર્ટના **2023(0) AIJEL-HC 247806 (Hon'ble Gujarat High Court) Dashrathbhai Parubhai Bhabhor V. State of Gujarat** નો

ચુકાદો માનપૂર્વક વંચાણે લેતા, જેમાં નીચે મુજબ જણાવેલ છે.

34. Considering the evidence of the prosecutrix, it clearly reveals that the victim was having physical relationship with the accused before two years of the incident and at the time of registration of the FIR, the victim carried food four months pregnancy and thereafter, after due date she delivered a baby boy and at present the baby boy with the victim and parents of the victim, Though the defence has tried to raise suspicion with regard to animosity and the fact with regard to inter relationship between the accused and victim, but there was no material produced by the prosecution with lead to come to the conclusion at there is any reason with regard to animosity or any other reason and, therefore, the Trial Court has not considered those aspects while appreciating the evidence at the time of deciding the case against the accused. Apparently, no exercise was carried out by the prosecution to establish that the victim was minor on the date of occurrence by following the procedure prescribed under the law and in light of reasoning put-forth.**There are various decisions of the Honorable Apex Court and this Court with regard to prove the age of the victim and well established law. That evidence of approximate age of the victim would not be sufficient to come to the conclusion about the exact age of the victim.**

35. From the record, it appears that the prosecution has tried to established the age of the victim by producing birth certificate through the deposition of the father wherein he has deposed that his brother-in-law has registered the birth of the victim, but the prosecution has not examined such person from the authority and, therefore, without examining the side person, the prosecution cannot establish the age of the victim beyond reasonable doubt. The prosecution side has neither collected the school living certificate from the school nor from the Secondary Board Examination and has not produced record from the school to establish the birth certificate of the victim to establish the age of the victim before the Trial Court. On the contrary P.W. 2 in his first version before the police has stated that the birth date of the victim is 28.08.1999 and in his deposition before the Trial Court, he has stated the date of the victim is 30.06.1999. So, the

P.W. 2 is not sure with regard to the date of birth of the victim and by merely producing the birth certificate, the date of the victim cannot be said to be proved by the prosecution by leading any cogent and material evidence. On perusal of the statement recorded under section 164 of the victim, it is crystal clear that the testimony adduced before the Trial Court is inconsistent with the statement recorded under section 164 which fact is not supported the story of the prosecution in any manner. So far as quality of the evidence is concerned, when such cogent and convincing evidence is available with the Investigating Authority, however the same was not collected and even produced before the Trial Court. Therefore, the benefit of the doubt is required to be given to the accused.

આમ, ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેતા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટનો ઉપરોકત ચુકાદો વંચાણે લેતા, હાલના કેસમાં પણ ભોગ બનનાર સગીર વયના હોવાનું વ્યાજબી શંકા રહિત પુરવાર કરેલ ન હોય તેમજ ભોગ બનનારની જુબાની તથા બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન તથા ડોકટરશ્રી રૂબરૂની હિસ્ટ્રી ધ્યાને લેતા, ભોગ બનનાર અને આરોપી વચ્ચે પ્રેમ સંબંધ હોવાનું અને ભોગ બનનાર પોતાની સ્વેચ્છાએ અને રાજીખુશીથી આરોપી સાથે ભાગી ગયેલ હોવાનું રેકર્ડ ઉપરના પુરાવાથી જણાય છે તેમજ અન્ય સાહેદોએ બનાવ નજરે જોયેલ ન હોવાનું જણાઈ આવે છે. તે સંજોગોમાં ફરીયાદ પક્ષ પોતાનો કેસ સ્પષ્ટ અને નકકર પુરાવાથી વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ, મુદ્દા **નંબર–૨ અને ૩** નો ઉત્તર **નકાર**માં આપી **મુદા નંબર–૪** અન્વયે છેવટનો હુકમ નીચે મુજબ કરૂ છું.

## –:: હુ ક મ ::–

(૧) આ કેસના આરોપી **વાલસંગજી અભુજી મોહનજી ઠાકોર,** રહે.માનપુર, તા.જી.પાટણવાળાને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૫(૧) અન્વયે તેમની સામેનો ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પોકસો એકટની

કલમ–૩(એ), ૪, ૫(એલ), ૬ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો ના–સાબિત માની નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) અન્વયે હુકમ કરવામાં આવે છે કે, આ ચૂકાદા સામે અપીલ/રીવીઝનનો પ્રસંગ ઉપસ્થિત થાય તો તે સંબંધે આરોપીની હાજરી ઉપલબ્ધ થાય તે માટે આરોપીએ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) પુરાવામાં સધ્ધર સ્થાવર મિલકત ધરાવતા જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા અને આરોપીએ આપેલ આ જામીનખત તથા જાત મુચરકા આ હુકમથી ૦૬ માસ સુધી અસ્તિત્વમાં રહેશે.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પૈકી મુદ્દામાલ પાવતી નંબર–૮૦/૨૦૨૪ માં જણાવેલ મુદ્દામાલ મોટર સાયકલ અંગે અગાઉ કરવામાં આવેલ વચગાળાનો હુકમ કાયમ રાખવામાં આવે છે, જયારે મુદ્દામાલ પાવતી નંબર–૭૮/૨૦૨૪ તથા ૭૯/૨૦૨૪ માં જણાવેલ તમામ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ : **૦૯** મી, માહે : **એપ્રિલ**, સને : **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૪/૨૦૨૬.
પાટણ.

**( બીપીન કે. બારોટ )**
જીજે–૦૦૫૬૬
સ્પેશ્યલ જજ (પોકસો), પાટણ.

KBS.